# જે લોકોને ટીબી થયો હોય એમને માટે મહત્વનું પરીક્ષણ




## ટીબી કેન્દ્રમાં પરીક્ષણ કરાવવું

તમે એચ.આઇ.વી.નું પરીક્ષણ બાબતે ટીબી ના એવા ડૉક્ટર કે નર્સ સાથે ચર્ચા કરવી જોઇએ કે જેઓ વિશિષ્ટ રીતે તાલીમ પામેલા હોય.બધીજ માહિતી ખાનગી રાખવામાં આવે છે. જો તમે ટીબી કેન્દ્રમાં પરીક્ષણ કરાવો તો તેના પરિણામને તમારા દવાખાનાની સામાન્ય નોંધમાં તે નોંધવામાં આવે છે; આનો મતલબ એ કે તેને માત્ર દવાખાનામાં તમારી કાળજી લેતાં અન્ય નર્સ અને ડૉક્ટરો જ આ વિશે જાણી શકે, નહી કે અન્ય કોઇ.

## જનનાગ -મૂત્રીય દવા (જેનિટો-યુરિનરી મેડિસિન - જી.યુ.એમ) ના સ્થાનીય કેન્દ્રમાં પરીક્ષણ કરાવો

(વધુ માહિતી માટે તમારા ટીબી નર્સનો સંપર્ક સાધો)

- કેટલાંક કેન્દ્રોમાં તમે સીધાજ જઇને ડૉક્ટરની મુલાકાત લઇ શકો છો જ્યારે અન્ય કેટલાંક કેન્દ્રોમાં તમારે અગાઉથી ડૉક્ટરની મુલાકાત લેવી પડતી હોય છે.
- તમારે અન્ય કોઇ દાક્તરના ભલામણ પત્ર લેવાની જરૂર નથી.
- આ કેન્દ્રોમાં ખાનગી રાખવા માટે બહુ કડક નિયમ બનાવવામાં આવ્યા છે.
- તમારી નોંધો કેન્દ્રની બહાર ક્યારેય જતી નથી અને તેને માત્ર ત્યાં કામ કરતો કર્મચારી વર્ગ જ વાંચી શકે છે.
- આ પરિણામો તમારા અંગત ડૉક્ટર (જી.પી.) ને પણ જણાવવામાં આવતાં નથી.
- તમારે તમારું સાચું નામ, જન્મતારીખ કે સરનામું આપવાની જરૂર નથી પરંતુ તમે જે વિગતો લખાવી હોય એને યાદ રાખવી જરૂરી છે.
- જો તમે કોઇ અન્ય કેન્દ્રમાં પરીક્ષણ કરાવવા ચાહો તો રાષ્ટ્રીય એઇડ્ઝની હેલ્પલાઇન પર વિના મૂલ્યે 0800 567 123 પર વાત કરી શકો છો.
- તમારા જી.પી. પાસે પણ તમો પરીક્ષણ કરાવી શકો છો.
- જો કે તમારા જી.પી.એ. પોઝિટીવ એચ.આઇ.વી. પરિક્ષણની માહિતી જીવન અથવા સ્વાસ્થ્ય વીમા કંપનીઓને જો તમે દાવો કરો તો પહોંચાડવી પડે છે. જો તમો આ વિશે ચિંતીત હો તો જી.યુ.એમ. કેન્દ્રમાં પરીક્ષણ કરાવવું સૌથી શ્રેષ્ઠ રહેશે.

તમારા કુટુંબ અને મિત્રોને ટીબી થી બચાવો-તમારી ટીબી ની બધીજ દવા લો

## પરીક્ષણ માટેની સલાહ માટેના અન્ય સ્ત્રોત

**રાષ્ટ્રીય એઇડ્ઝ હેલ્પલાઇન (એન.એ.એચ.)**
National AIDS Helpline (NAH)
0800 567 123

**આફ્રિકન એઇડ્ઝ હેલ્પલાઇન**
African AIDS Helpline
0800 0967 500 (વેબસાઇટ: www.africaninengland.org)

**ટેરેન્સ હિગીન્સ ટ્રસ્ટ હેલ્પલાઇન**
Terrence Higgins Trust Helpline
0845 12 21 200 (વેબસાઇટ: www.tht.org.uk)

**પોઝિટીવલી વિમેન હેલ્પલાઇન**
Positively Women Helpline
020 7713 0222 (વેબસાઇટ: positiverlywomen.org.uk)

**બ્લૅકલાઇનર્સ હેલ્પલાઇન**
Blackliners Helpline
020 7738 5274

**મેઇનલાઇનર્સ હેલ્પલાઇન**
Mainliners Helpline
020 7582 5434 (વેબસાઇટ: www.mainliners.org.uk)

**TB Alert** એ એક એવી અદ્વિતીય ધર્માદા સંસ્થા છે કે જેનું કામ યુ.કે.માં ટી.બી. ના રોગ સામે જાગૃતિ લાવવાનું છે અને દર્દીઓને માહિતી પહોંચાડવાના એન. એચ. એસ.ના કાર્યને ટેકો આપવાનું છે. અમો વિકાસશીલ દેશોમાં યોજવામાં આવતી પરિયોજનાઓને ટેકો આપવાનું કામ કરીએ છીએ અને સાથે-સાથે એ બાબતે ખાતરી કરીએ છીએ કે દરેક દરેક દર્દીઓને જરૂરી સારવાર બરોબર મળતી રહે . આપના અમૂલ્ય સહયોગથી આપણે ટી.બી. વિષે એક વિશ્વવ્યાપી સકારાત્મક અસર ઊભી કરી શકીએ કે જેથી કરીને અનેકની જીંદગી બચાવી શકાય.

**TB Alert,**
Community Base,
113 Queens Road,
Brighton BN1 3XG
ટેલીફોન: 01273 234030

વધુ માહિતી અથવા આ પુસ્તિકાની વધુ કૉપી મંગાવવા માટે, કૃપા કરીને 01273 234 770 પર (ઓફિસ સમય દરમિયાન) ફોન કરો.

ડોનેશન અથવા ટીબી એલર્ટને સ્વયંસેવા આપવા માટે 01273 234 784 પર (ઓફિસ સમય દરમિયાન) ફોન કરો

અથવા અમારી વેબસાઇટ www.tbalert.org પર જાઓ.

ટીબી વિષે આ પાનામાં જે માહિતી આપવામાં આવી છે એનો ઉદ્દેશ તમારી ટીબી ની નર્સ કે ટીબી ના ડૉક્ટર અથવા અન્ય સ્વાસ્થ્ય-સંબંધી તબીબી નિષ્ણાતનું જ્ઞાન, કુશળતા, કૌશલ્ય તેમજ નિર્ણયના વિકલ્પ તરીકે પ્રસ્તુત કરવાનો નથી. આ પાનામાં આપવામાં આવેલી કોઈપણ માહિતીનો ઉપયોગ ટીબી ની સારવાર દરમિયાન ચર્ચા કરવાના ઉદ્દેશ માટે છાપવામાં આવ્યો નથી. તમારી સારવાર દરમિયાન ઊભા થતાં પ્રશ્નો અને તમારી ચિંતા માટે તમારા સ્વાસ્થ્ય- સંબંધી તબીબી નિષ્ણાત ને જ ઉદ્દેશીને પૂછો.

મૂળ વિકાસનું કામ નૉર્થ વેસ્ટ લંડન ટીબી નેટવર્ક દ્વારા કરવામાં આવેલ છે.

© ચૅમ્પિયનશિપ લિમિટેડ ઇંગ્લૅન્ડમાં રજીસ્ટર્ડ થયેલ છે. નંબર. 3606528 રજીસ્ટર્ડ ચૅરિટિ નંબર: 1071886 ડિઝાઇન: worksong, london 020 8352 8300

## ટીબી સાથે એચ.આઇ.વી. અને એઇડ્ઝને શો સંબંધ છે?

યુ.કે.માં મોટાભાગના લોકોને ટી.બી. થયો હોય છે તેઓ એચ.આઇ.વી. નો ભોગ બનેલા હોતા નથી. પરંતુ એચ.આઇ.વી./ એઇડ્ઝ અને ટીબી ઘણા દેશોમાં સાથોસાથ જોવા મળ્યાં છે. એચ.આઇ.વી. શરીરની રક્ષણ શક્તિને નુકસાન પહોંચાડે છે જેના વડે ટીબી બહુ આસાનીથી પ્રવેશે છે.

કેટલાક લોકો એવા દેશોમાં રહીને ટી.બી.નો ભોગ બને છે જ્યાં ટી.બી. અને એચ.આઇ.વી. બહુ  સામાન્ય છે. માટે આ બન્ને ચેપને નજીકથી સાંકળવામાં આવે છે - કોઇપણ એકનો ભોગ બનવાથી બીજાનો ભોગ બનવાનો અવકાશ રહે છે.

## એચ.આઇ.વી./એઇડ્ઝ શું છે?

- એચ.આઇ.વી. એટલે હ્યૂમન ઇમ્યૂનોડેફિશિયન્સી વાઇરસ. એઇડ્ઝ એટલે એકવાયર્ડ ઇમ્યૂન ડેફિશિયન્સી સિંડ્રોમ.
- એચ.આઇ.વી.એ એક એવો ચેપ છે કે જે અન્ય રોગો સામે શરીર ના રક્ષણને નુકસાન પહોંચાડે છે, જે  વિશેષ કરીને ચેપી છે.
- જ્યારે એચ. આઇ.વી.ના ચેપ સાથે અન્ય દર્દો પણ થાય ત્યારે વ્યકિત એઇડ્ઝનો ભોગ બની હોય છે.

## એચ.આઇ.વી. કેટલુંક સામાન્ય છે?

એચ.ઓઇ.વી. સમસ્ત વિશ્વમાં જોવા મળે છે પરંતુ પેટા સહારા આફ્રિકા, દક્ષિણ એશિયા તેમજ પૂર્વિય યુરોપમાં વધુ સામાન્ય છે.

યુ.કે. માં એક એવો અંદાજ છે કે લગભગ 30,000 થી વધુ લોકો એચ.આઇ.વી. થી પીડિત છે અને આ આંકડાઓમાં સતત વધારો થઇ રહ્યો છે કારણ કે દર વર્ષે 6500 થી વધુ લોકો એચ.ઓઇ.વી.પોઝિટીવ બને છે. વિશ્વસ્તરે એચ.ઓઇ.વી.નો સૌથી વધુ ફેલાવો પુરુષ અને સ્ત્રીના યૌન સંબંધથી થાય છે. જો કે તાજેતરના નવા કિસ્સાઓ માં પુરુષ અને પુરુષ વચ્ચેના અકુદરતી સંબંધથી પણ આવા કિસ્સાઓ વધી રહ્યાના દાખલા જોવા મળે છે.

## શું એચ.આઇ.વી. તેમજ એઇડ્ઝ માટેનો કોઇ ઉપચાર છે?

એચ.આઇ.વી. ની અસરને એચ.આઇ.વી.- વિરોધી દવાઓ દ્વારા નિયત્રિંત તેમજ ઉલટાવી પણ શકાય છે. હાલમાં એચ.આઇ.વી. અથવા એઇડ્ઝ માટેનો કોઇ ઉપચાર નથી. જો કે, સંશોધનો એવું દશાવે છે કે મોટા ભાગના લોકો કે જેઓ એચ.આઇ.વી.-વિરોધી દવાઓ લે છે, તે લાંબુ જીવે છે અને તેઓને સારૂં લાગે છે. જો તમને ખબર હોય કે તમો એચ.ઓઇ.વી. પૉઝીટિવ છો તો તમે એવા પગલાં લઇ શકો છો કે જેથી કરીને અન્યોને ચેપ ફેલાવવાનું જોખમ ઘટાડી શકો.

## એચ.આઇ.વી. કેવી રીતે ચેપ ફેલાવે છે?

- કોન્ડોમ વિના અસુરક્ષિત યૌન કે ગુદામાં સંભોગ કરવાથી. અસુરક્ષિત મુખ મૈથુન કરવાથી પણ એચ.આઇ.વી.નું થોડું જોખમ વધે છે.
- સગર્ભાવસ્થા દરમિયાન, જન્મ સમયે સ્તનપાન કરાવવાથી માતા દ્વારા.
- સોંઇ, સિરિન્જ અથવા અન્ય સોંઇ મારવાના ઔષધ ઉપકરણથી.
- લોહી સંશોધનો અથવા બિનપરીક્ષિત લોહી વડે સારવાર કરાવવાથી.

## એચ.ઓઇ.વી. પરીક્ષણ

**અચ.આઇ.વી. ના પરીક્ષણમાં શું શું હોય છે?**

તમારા બાહુમાંથી લોહીનો એક નાનો નમૂનો લેવામાં આવશે અને તેને લેબૉરેટરીમાં મોકલીને પરીક્ષણ કરાશે.
તમે કદાચ કેન્દ્રમાં લોહીનું પરિક્ષણ કયારનાયે કરાવી ચૂક્યા હશો પરંતુ અમો એચ.આઇ.વી. પરિક્ષણ માત્ર તમારી સહમતી અને અનુમતિ મળે તોજ લઇ શકીએ. બધાજ એચ.આઇ.વી. પરીક્ષણો વિના મૂલ્યે કરવામાં આવે છે.

## મને પરિણામ કયાં સુધીમાં મળી શકે?

સામાન્ય રીતે પરિણામ મેળવતા ત્રણ ચાલુ દિવસો લાગે. જે કંઇ પરિણામ હોય, તે તમોને વ્યકિતગત એક ચિકિત્સાકાળજી કેન્દ્રના અધિકારી દ્વારાજ આપવામાં આવે. પરિણામને ફોન પર આપી શકાય નહીં અને કાગળની નકલો સામાન્ય રીતે દર્દીઓને આપવામાં આવતી નથી.

## પરિણામ શું કહે છે?

**એચ.આઇ.વી. નેગેટીવ**

આનો મતલબ એ થયો કે પરીક્ષણ થયાંના ૩ મહિના પહેલાં તમો જયાં સુધી એચ.આઇ.વી.ના વાતાવરણમાં આવ્યા નથી તો તમોને એચ.આઇ.વી. નથી, કારણ કે જો તમોને તે થયો હોય તો પણ  “વિન્ડો સમય” ને લીધે પરીક્ષણ સાબિત કરી શકતું નથી. જો તમે એચ.આઇ.વી.ના જોખમી વાતાવરણમાં હો, તો તમોને કદાચ ૩ મહિના પછી ફરી પરીક્ષણ કરવાનું કહેવામાં આવે.

**એચ.આઇ.વી. પોઝિટીવ**

તમને એચ.આઇ.વી. છે.આનું પરિણામ દ્વિતીય એચ.આઇ.વી. પરીક્ષણથી કરવામાં આવ્યું છે (કે જેમાં ભૂલ પડતી નથી) તમો એચ.આઇ.વી./ એઇડ્ઝના નિષ્ણાત સાથે ખાનગીમાં મળો છો કે જે તમને તેના નિદાન અને ઉપચાર સંબંધી જો કોઇ વ્યવસ્થા કરવી પડે તો મદદરૂપ થાય છે.

## પરિણામ વિષે કોને ખબર પડે છે?

આ પરિણામને કડક રીતે માત્ર તમારા અને વૈધકીય સારવાર સાથે સંકળાયેલા પૂરતુંજ ખાનગી રાખવામાં આવે છે અને તમારી અનુમતિ વિના કોઇનેપણ એની જાણ કરાતી નથી. આ પરિણામ વિષે તમારા કુંટુંબીજન કે મિત્ર, ભાગીદાર, માલિક, સરકાર,ગૃહ કાર્યાલય અથવા ઇમીગ્રશન સર્વિસને પણ જાણ કરાતી નથી.

## હું એચ.આઇ.વી પરીક્ષણ અથવા તો તેના પરીક્ષણની ચર્ચા કરવા કયાં જાઉં?

તમો ટીબી કેન્દ્રમાં પરીક્ષણ કરાવી શકો છો પરંતુ એવાં અન્ય કેટલાક સ્થળો છે જયાં તમે પરીક્ષણ કરાવવાની સાથે-સાથે તમારી મૂંઝવણ પણ દુર કરી શકો.